# મન કી બાત

ભાગ 5



# MANN KI BAAT
## VOL.5

**Authors**
Sarda Mohan and Tanushree Banerji

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**GUJARATI**

ISBN – 978-81-19596-86-7

Amar Chitra Katha Pvt. Ltd, August 2023

© Ministry of Culture, Govt of India, August 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.



પ્રિય બાળકો,

આપણાં દેશ અને આ ગ્રહનું ભાવિ અમારા નાના બાળકોના હાથમાં છે. આપણે વિશ્વમાં સૌથી સુખી અને સૌથી સમૃદ્ધ રાષ્ટ્રનું સ્થાન મેળવીશું કે નહીં તે તમારા પર નિર્ભર છે.

અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, અમારી પહેલાંની પેઢીએ તેમના શ્રેષ્ઠતમ પ્રયાસો કર્યા. અમે ભૂલો પણ કરી. તમારે અમારા પ્રયાસો અને અમારી ભૂલોમાંથી શીખવું પડશે અને ભારત માટે યોગ્ય રાહ કંડારવી પડશે. તેથી જ તો હું આપણા યુવાન લોકોની જાણ કરાવવા માંગુ છું જેમણે જીવનને સુધારવા માટે, સંસ્કૃતિનો વારસો સાચવવા, જે ગુમાવ્યું હતુ તેને પાછું મેળવવા અને આશાવાદી અભિગમ લાવવા માટે ઘણું બધું કર્યું  છે.

આપણી ‘મન કી બાત’ કૉમિકની પાંચમી આવૃત્તિમાં, તમે સાગર મૂલે વિશે વાંચશો જેણે લગભગ લુપ્ત થતી કોંકણની કલા શૈલી ‘કાવી’ને નવજીવન આપ્યું.

તમે પૂર્ણા માલવથના સંઘર્ષ અને વિજય વિશે જાણશો કારણ કે તેણી 13 વર્ષની ઉંમરે માઉન્ટ એવરેસ્ટનું શિખર સર કરનારી વિશ્વની સૌથી નાની ઉંમરની છોકરી બની.

તમે પાતાયત સાહુ વિશે જાણશો જેણે છ વર્ષની ઉંમરથી તેના દાદાજીનું અનુસરણ કરીને તમામ ઔષધીય જડી-બુટીઓ અને સારવાર વિશે તેમની પાસેથી શીખ્યું.

ઉત્સુક બનો, શીખવામાં રુચિ રાખો અને પડકારોનો સામનો કરવામાં પાછા ન પડો.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | સાગર નાઇક મૂલે | 3 |
| 2 | પાતાયત સાહુ | 6 |
| 3 | ચંદ્ર કિશોર પાટીલ | 9 |
| 4 | જતિન લલિત સિંઘ | 11 |
| 5 | રોહન કાલે | 14 |
| 6 | શ્યામ સિંઘ અને કુંવર સિંઘ | 17 |
| 7 | ગૌતમ દાસ | 20 |
| 8 | અરુણ ક્રિષ્નમૂર્તિ | 22 |
| 9 | પૂર્ણા માલવથ | 25 |
| 10 | વિક્રમજીત ચક્મા | 28 |
| 11 | મનોજ બેંજવાલ | 30 |

# સાગર નાઇક મૂલે




*ગોવાના પશ્ચિમી દરિયા કિનારાની પાસેનો વિસ્તાર, કર્ણાટક અને મહારાષ્ટ્ર


હૈદરાબાદની કૉલેજમાં ફાઇન આર્ટ્સનો અભ્યાસ કરતી વખતે -
આપણાં દેશમાંની ઘણી પ્રાચીન કળાઓ નષ્ટ થઈ રહી છે. કાવી તેમાંની એક છે.
અનુસ્નાતકના અભ્યાસ પછી, સાગરે કાવી વિશે સંશોધન શરૂ કર્યું.
કેવી સ્ટ્રાઇક કરતી ડિઝાઇન છે! જો તેઓ ફક્ત દિવાલો સુધી મર્યાદિત રહે તો લોકો તેમને કેવી રીતે જોશે?
તેને સમજાયું કે કાવીનું કાગળ કે કૅનવાસ પર ફરી સર્જન કરવાની જરૂર છે જેથી વધુ લોકો તેને જોઈ શકે.
2020માં, નવરાત્રિના તહેવારની થોડાં જ પહેલાં –
આ તહેવાર કોવિડ-19 લૉકડાઉન વચ્ચે આવ્યો છે. કદાચ હું મારી કલા વડે થોડો આનંદ ફેલાવી શકીશ.
OCTOBER
સાગરે કાગળ પર કાવી આર્ટ બનાવવાનું શરૂ કર્યું. જેનો વિષય હતો ગોવાની કુલદેવી*.
તેમને પેઇન્ટ કરવા માટે માટીનો ઉપયોગ કરીને, હું કુદરત અને ઇશ્વરનું સન્માન કરું છું.
તેણે પોતાની કલાને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી ત્યારે તેની ખૂબ પ્રશંસા થઈ.

* ક્લાન દેવી




*ઘણાં દેશો વચ્ચે આર્થિક સહકાર માટેનું ફોરમ

# પાતાયત સાહુ




*ઓડિસાનો એક જીલ્લો
**ઓડિયા ભાષામાં દાદાજી
^પરંપરાગત ઉપચારક




* કાલાહાંડી જીલ્લામાં પરંપરાગત ઉપચારકોનો સમૂહ
^ઓડિયા ભાષામાં પિતા




*ઉપચાર માટે વપરાતી જડી-બુટ્ટી
^સુકવેલા અદરકનો પાવડર

# ચંદ્ર કિશોર પાટીલ




*ગોદાવરી નદીની એક ઉપનદી
^એક હિંદુ તહેવાર

**કાંચના પાવડરનું આવરણ ચઢાવેલી એક દોરી જેનો ઉપયોગ પતંગ ઉડાડવા માટે થાય છે.




*હિંદીમાં ભાઈ

^હિંદુ ધર્મનો એક તહેવાર

# જતિન લલિત સિંઘ




* ઉત્તર પ્રદેશનો એક જીલ્લો
^હિંદી ભાષામાં ભાઈ


સેન્ટર બંધાઈ રહ્યું હતું ત્યારે જતિન અને તેના મિત્રોએ પુસ્તકો એકત્રિત કરવાનું એક અભિયાન શરૂ કર્યું. થોડાંક અઠવાડિયા પછી -
આપણી પાસે હવે હિંદી અને અંગ્રેજી સાહિત્ય પર 100 કરતા વધારે પુસ્તકો છે, તેમ જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો પણ છે.
દરેકે ઉત્તમ કાર્ય કર્યું છે! હવે આ વાતનો પ્રચાર કરવાનું ચાલુ રાખીએ.
નવેમ્બર 2020માં -
બાંસા કોમ્યુનિટી લાઇબ્રેરી અને રિસોર્સ સેન્ટર પર તમારું સ્વાગત છે. અહીં લાઇબ્રેરીનો ઉપયોગ કરવા માટે કોઈ ફી નથી અને પુસ્તકો પરત કરવામાં મોડું થવા પર કોઈ દંડ નથી.
Y & RESOURCE CENTRE
આ તો સરસ છે!
સ્વયંસેવકોની એક ટીમ, લાઇબ્રેરીની મુલાકાત લેવા લોકોને પ્રોત્સાહિત કરવા માટે આજુબાજુનાં વિસ્તારમાં ગઈ.
બાળકો અને યુવાનો સાથે, મહિલાઓએ પણ લાઇબ્રેરીની મુલાકાત લેવાનું શરૂ કર્યું.
મેં મારા શાળાના દિવસો પછી કોઈ પુસ્તક વાંચ્યું નથી. અહીં ઘણાં બધા પુસ્તકો છે.
આપણે સાથે મળીને વાંચવા માટે કોઈકવાર અહીં મળી પણ શકીએ છીએ.
માર્ચ 2021માં મહામારીની બીજી લહેરમાં, જતિને ‘રૂરલ કોવિડ રિલીફ વર્ક’ નામની ઝુંબેશ ચાલુ કરી.
અમે આજે અહીં તમારું તાપમાન અને ઑક્સિજન સ્તરનું રીડિંગ તપાસવા આવ્યાં છીએ. તમે કેમ છો?
મારા પતિની નોકરી છૂટી ગઈ. અમને કરિયાણું અને દવા લાવવામાં પણ તકલીફ થઈ રહી છે.
ચિંતા કરશો નહીં, તમે એકલા નથી, આખો સમુદાય તમારી સાથે મદદ માટે છે. અમે તમને રાશન કિટ આપીશું અને તમારા સ્વાસ્થ્ય સંબંધી ખર્ચાઓ હેન્ડલ કરવામાં પણ મદદ કરીશું.
હું તમારી આભારી છું!
જતિન અને તેની ટીમે ફંડ ભેગું કર્યું અને બાંસા અને તેની આસપાસના ગામના 11,000થી વધુ લોકો સુધી મદદ પહોંચાડી. તેમણે ગામવાસીઓને કોવિડ રસી મેળવવામાં પણ મદદ કરી.


ઘણાં મહિના પછી, જ્યારે સામાન્ય સ્થિતિ પાછી આવી -
મહામારી દરમિયાનના તમારા તમામ પ્રયાસો માટે તમારો આભાર. હવે, આપણે બાંસાથી આગળ વધીને વાંચન પ્રેમને ફેલાવવાની રીતો શોધવી જોઈએ.
ચાલો, આપણે બાળકોમાં વાંચન પ્રત્યેની રુચિ જાગૃત કરવા માટે શાળાઓમાં વાંચન વર્કશોપનું આયોજન કરીએ.
જતિન અને તેની ટીમે સમગ્ર હરદોઈ જીલ્લામાં યાત્રા કરીને, સ્થાનિક શાળાઓમાં વર્કશોપ આયોજિત કરી.
જતિનભૈયા, તમે અમને વાંચવા આપેલા પુસ્તકો શાનદાર હતા. શું અમે લાઇબ્રેરીમાંથી વધુ પુસ્તકો લઈ શકીએ?
આપણે એક બુક ક્લબ ચાલુ કરીએ તો કેવું રહેશે, તેનાથી આપણે દર અઠવાડિયે આપણા મનપસંદ પુસ્તકો વિશે વાત કરવા માટે મળી શકીશું?
બિલકુલ! અમે તમારી મદદ કરીશું.
2022 સુધી, જતિન અને તેની ટીમ 36 ગામના લોકોને વાંચન સામગ્રી પ્રદાન કરવા સક્ષમ બની ગઈ હતી. કોમ્યુનિટી લાઇબ્રેરી હાલમાં 3,000 થી વધુ પુસ્તકોનું હાઉસ છે.
જતિનના પ્રયાસોની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, તેમના પ્રોગ્રામ, મન કી બાતમાં પ્રશંસા કરી.
શિક્ષણના ક્ષેત્રે પ્રજ્વલિત કરેલો એક નાનો દીવો પણ આખા સમાજને પ્રકાશિત કરી શકે છે. બાંસા ગામના જતિન લલિત સિંઘજી શિક્ષણની જ્યોત સળગતી રાખવામાં વ્યસ્ત છે.
પ્રશંસાથી વધુ નમ્ર બનીને, જતિન પોતાના પ્રયાસોને સમુદાયના કલ્યાણ માટે બમણાં કરવા માંગે છે.
મારું સપનું છે કે હું બાંસાને એક આધુનિક ગામમાં ફેરવું, કે જ્યાં આપણે જાહેર સ્વાસ્થ્ય અને સ્વચ્છતાને પ્રાધાન્યતા આપીએ.

# રોહન કાલે




* ભૂગર્ભજળના સ્તર સુધી નીચે લઈ જતા પગથિયાની લાંબી કતાર સાથેના કુવા અથવા તળાવ


રોહને વધુ વાવની મુલાકાત લીધી અને તેને મહારાષ્ટ્રની વાવ વિશે આશ્ચર્ય થવા લાગ્યું.
કેટલી ચિત્તાકર્ષક વાસ્તુ છે. મને વિશ્વાસ નથી આવતો કે મારા પોતાના રાજ્યમાં આવી કોઈપણ વાવ જોઈ નથી.
વિચાર એક મહાન અનોખા વિચારમાં બદલાઈ ગયો અને છેવટે 2020માં -
હું નોકરી છોડી રહ્યો છું.
કેમ? તો પછી તું શું કરીશ?
હું મહારાષ્ટ્રની બધી વાવની મુલાકાત લઈશ.
પોતાની પીઠ પર ખૂબ જ થોડી, જરૂરી ચીજવસ્તુઓ સાથે, રોહન પોતાની મોટરબાઇકથી એક દિશાથી બીજી દિશાનો પ્રવાસ કરીને, વાવની મુલાકાત લેવા લાગ્યો...
આ પણ સાવ જર્જર અવસ્થામાં છે.
...અને તેમને નક્શા પર ધ્યાનપૂર્વક પ્લોટ કરવા લાગ્યો.
આગલા થોડાક મહિનાના સમયમાં, તેણે મહારાષ્ટ્રની 400 થી વધુ વાવની મુલાકાત લીધી.
મહારાષ્ટ્રની લગભગ 80 ટકા વાવ ખૂબ જ ખરાબ હાલતમાં છે. મારે તેના માટે કંઈક કરવું પડશે.
રોહને મહારાષ્ટ્ર સ્ટેપવેલ કેમ્પેન ચાલુ કર્યું અને થોડાંક સ્વયંસેવકો સાથે કામ શરૂ કર્યું.
મેં સાંભળ્યું છે કે તમે આ વાવ સાફ કરવા આવ્યા છો. શું સાચે જ?
હા, તમને ખબર છે તે લગભગ 800 વર્ષ પહેલાંની બાંધેલી છે? એકવાર સાફ થઈ જાય તે પછી, તે આખા શહેર માટે પાણીનો સંગ્રહ કરવા વાપરી શકાશે.



તમે યોગ્ય કામ કરી રહ્યાં છો. અમે તમારી સાથે જોડાશું.
આપણે આ વાવ પર દીવા પ્રગટાવીને તેને શણગારવાની પરંપરાને પણ પુનર્જીવિત કરવી જોઈએ.
વધુ લોકો જોડાતા ગયા અને કામ ઝડપથી પ્રગતિ કરતું ગયું.
રોહને અત્યાર સુધી તેના પ્રોજેક્ટ પર 1.5 લાખ રૂપિયાનો ખર્ચ કર્યો અને મહારાષ્ટ્રની 1,650 વાવને નકશા પર અંકિત કરવા માટે 14,000 કિમી.નો પ્રવાસ ખેડ્યો.
તમે એક અદ્ભુત કાર્ય કર્યું છે, રોહન.
ફક્ત તેને નકશા પર અંકિત કરવી પુરતું નથી. વધુ વાવ પુનઃસ્થાપિત કરવી પડશે અને વધુ લોકોએ તેના વિશે જાણવું જોઈએ. મારી પાસે એક આઇડિયા છે.
રોહને પર્યટન નિયામક, મહારાષ્ટ્રના સંયુક્ત ડાયરેક્ટર ડૉ. ધનંજય સેવલકરનો સંપર્ક કર્યો.
સર, કૃપા કરીને મહારાષ્ટ્ર પર્યટનની વેબસાઇટ પર વાવ પર એક વિભાગ સામેલ કરો. અમે તેમને પુનર્જીવિત કરી છે અને તેમનો ઇતિહાસ પર્યટકોને આકર્ષિત કરશે.
હમ્મ, સારો વિચાર છે!
વિશ્વ પર્યટન દિવસના રોજ 2022માં, વાવ પરનો એક વિભાગ મહારાષ્ટ્ર પર્યટનની વેબસાઇટ પર ઉમેરવામાં આવ્યો.
1 માર્ચ 2022ના રોજ, મહાશિવરાત્રીના ઉત્સવ દરમિયાન -
શું દૃશ્ય છે!
એવું લાગે છે કે મારા પ્રયાસો આખરે સફળ થયા.
160 વાવની સફાઈ થઈ અને પ્રસંગો પર તેમને પ્રકાશિત કરવામાં આવી.
રોહન હવે વાવને દસ્તાવેજબદ્ધ કરવા માટે આર્કિટેક્ચર કૉલેજ સાથે સહયોગ કરી રહ્યો છે.
અમે ડ્રોન ફૂટેજ પણ મેળવવાના છીએ. જો તમામ વાવ પુનર્જીવિત થઈ જાય, તો પાણી સંરક્ષણ તરફનું તે એક વિશાળ પગલું હશે. અમે દુષ્કાળ-રહિત મહારાષ્ટ્રને જોવા માટે આશાવાદી છીએ.

# શ્યામ સિંઘ અને કુંવર સિંઘ




* ઉત્તર પ્રદેશના આગ્રા જીલ્લાનું એક ગામ.




*હિંદીમાં ભાઈ
^ચીફ (મુખિયા)

**ફૂટપાથ/ઇંટો દ્વારા ઢંકાયેલ રસ્તો
^^ભૂગર્ભમાં સંચિત પાણી


પાંચ કિલોમીટર દૂર, બસ્તાઈ*ની નહેર છે. બંને ભાઈઓએ આને મીઠા પાણીના સ્રોત તરીકે પસંદ કરી...
...તેની નજીકની જમીન પાંચ લાખ રૂપિયામાં ખરીદી...
...અને પાંચ-કિલોમીટર-લાંબી પાઇપલાઇન બનાવવાનું ઑગસ્ટ 2018માં શરૂ કર્યું.
પાઇપલાઇનનો ખર્ચ બંને ભાઈઓને 27 લાખ રૂપિયા આવ્યો.
પાઇપલાઇનનું કામ આખરે 2020માં પૂરું થયું.
પાણી આવી ગયું છે! હુર્રે!!
કેટલી મોટી રાહત! કુંવર સિંઘ અને શ્યામ સિંઘ તમને ખૂબ ખૂબ આશિર્વાદ!
ગામના લગભગ 1,200 થી વધુ ઘરોને તાજા પાણીની સુવિધા મળી. જલ્દી જ કુંવર સિંઘ પ્રધાન તરીકે ચૂંટાયા.
બંને ભાઈઓના નિસ્વાર્થ યોગદાનની સ્ટોરીએ કચોરાને નકશા પર સ્થાન આપ્યું. એક સવારે, ભાઈઓને એક મહત્વપૂર્ણ કૉલ આવ્યો.
શ્યામ સિઘજી અને કુંવર સિંઘજી, હું નરેન્દ્ર મોદી બોલી રહ્યો છું. કચોરા ગામ માટેના તમારા અનુકરણીય યોગદાન માટે અમે ગર્વ અનુભવીએ છીએ.
તમારો ખૂબ ખૂબ આભાર, સર!
આ તો આશ્ચર્ય અને ખૂબ મોટું સન્માન છે!
તે ખૂબ ટૂંકી વાતચીત હતી પણ બંને ભાઈઓ અનહદ ખુશ થયા.
બંને ભાઈઓને એક વિશિષ્ટ પ્રોગ્રામ માટે દિલ્હી આમંત્રિત પણ કરવામાં આવ્યાં અને પ્રધાનમંત્રી મોદી દ્વારા લાઇવ પ્રસારણમાં તેમના નામનો ઉલ્લેખ કરીને સન્માન પણ થયું.
સિંઘ ભાઈઓએ સાબિત કરી બતાવ્યું કે સમાજમાં પરિવર્તન લાવવા માટે વધુ માણસો હોવા જરૂરી નથી.

* નજીકનું એક ગામ

# ગૌતમ દાસ




*ત્રિપુરાની રાજધાનીનું શહેર



થોડા અઠવાડિયા પછી, આખા દેશમાં લૉકડાઉન જાહેર થયું.
હવે કામ વિના લગભગ બે અઠવાડિયાથી વધુ દિવસ થયા. ઇશ્વરની કૃપા છે કે મારી પાસે થોડી બચત હતી, નહીંતર હું જીવતો રહી શક્યો ન હોત.
દુઃખની વાત એ હતી કે બાબુએ વધુ પૈસાની બચત કરી નહોતી. તેના બાળકો ચાર દિવસથી ભૂખ્યા હતા.
ગૌતમ આખી રાત સૂઈ ન શક્યો. જેવું જ પરોઢ થયું -
હું મારી બચતના પૈસાથી દાળ અને ચોખા ખરીદવા જાઉં છું અને તે લઈને બાબુને આપી આવું છું.
જલ્દી જ -
અરે, બાબુ. આ લઈ લે અને હું આગલા અઠવાડિયે વધુ કરિયાણું લઈ આવીશ.
હું તારો આભાર કેવી રીતે માનું!
ગૌતમ ખુશ થતો ઘરે પાછો ગયો પરંતુ તેને ભોજન પરવડી ન શકતું હોય તેવા અન્ય પરિવારોની ચિંતા થવા લાગી.
તે જલ્દી જ વધુ દાળ અને ચોખા ખરીદી લાવ્યો અને તેના નાના પૅકેટ બનાવ્યા. તે તમામ લોકોમાં વહેંચવા માટે કે જેમની પાસે પુરતું ખાવાનું નહોતું.
આટલું પાડોશના ક્ષેત્રમાં રહેતા બધા પરિવારો માટે પણ પર્યાપ્ત થવું જોઈએ.
મહામારી દરમિયાન 160થી વધુ પરિવારોને ભોજન પ્રદાન કરવા માટે, ગૌતમે તેની બચતમાંથી 8,000 રૂપિયા ખર્ચ કર્યા.
તેના નિસ્વાર્થ પ્રયાસો માટે, ગૌતમનું તત્કાલીન મુખ્યમંત્રી વિપ્લવ કુમાર દેવ દ્વારા સન્માન કરવામાં આવ્યું, તેમણે તેની મદદ અને સપોર્ટ કરવાનું વચન પણ આપ્યું.
ગૌતમ દાસની પ્રશંસા પ્રધાનમંત્રી મોદીએ પણ તેમની મન કી બાતમાં કરી.

# અરુણ ક્રિષ્ણમૂર્તિ


શું કોઈ મને બતાવી શકશે કે સસ્ટૈનેબિલિટી શું છે?
સસ્ટૈનેબિલિટી એ જીવવાની એવી એક રીત છે જેમાં આપણે પર્યાવરણ અને આપણાં પ્રાકૃતિક સંસાધનોનું રક્ષણ કરીએ છીએ.
એકદમ બરાબર, પારુલ. ચાલો આજે હું તમને અરુણ ક્રિષ્ણમૂર્તિ નામની એક વ્યક્તિની વાર્તા કહું છું જેણે પોતાનું જીવન લોકોને સસ્ટૈનેબલ જીવન જીવવા વિશે શિક્ષિત કરવા માટે સમર્પિત કર્યું છે.
પોતાની સ્નાતકની ડિગ્રીનું ભણતર પૂરું કરીને અરુણ ક્રિષ્ણમૂર્તિએ હૈદરાબાદમાં કામ કરવાનું ચાલુ કર્યું.
તમે આ કામ ખૂબ ઝડપથી પૂર્ણ કર્યું છે. ઉત્તમ જોબ, અરુણ!
હાશ! હવે તે પૂરું થયું, હું હજી પણ ડ્રાઇવનું ક્લિન-અપ કરી શકું છું.
અરુણની રુચિ બીજી દિશામાં રહેલી હતી - તે દિશા કે જેણે તેને એન્વાયર્નમેન્ટલિસ્ટ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા (E.F.I.). શરૂ કરવા પ્રેરિત કરી.
ENVIRONMENTALIST FOUNDATION OF INDIA
E.F.I.
આપણું મુખ્ય લક્ષ્ય સરોવર અને તળાવ જેવા તાજા પાણીના સ્રોતોને સાફ કરવાનું છે.


E.F.I.ના ભાગ રૂપે અરુણ અને તેના સ્વયંસેવકોની ટીમ કચરાના વ્યવસ્થાપન જેવી ઘણી ક્ષમતાઓમાં પર્યાવરણ માટે કામ કરે છે.
આ ખાડાનો ઉપયોગ આહાર સંબંધી કચરાનો નિકાલ કરવા માટે થવો જોઈએ. થોડા સમયમાં, તે તમારા છોડવાઓ માટેનું એક ખાતર બની જશે.
...પ્રાણીઓનો બચાવ અને પુનર્વસન...
STREET DOG VACCINATION DRIVE
...ગામને ઇકો-ફ્રેન્ડલી અને સસ્ટૈનેબલ બનાવવામાં મદદ કરવી...
સર, શું આનાથી અમારા ઘરોમાં વધુ ચોખ્ખું પાણી આવશે?
હા, આ પાઇપ તમને વરસાદનું પાણી એકત્રિત કરવામાં મદદ કરશે અને તેનો ઉપયોગ પછી ઘરગથ્થું હેતુઓ માટે કરી શકાશે.
...અને જળાશયોની સફાઈ અને તેમનું સંરક્ષણ કરવું.
તળાવની સફાઈ કર્યા પછી, અમે તેની આજુબાજુ ફેન્સિંગ લગાડીએ છીએ જેથી કરીને લોકો તેમાં કચરો ન ફેંકી શકે.
અરુણની સંસ્થાએ 15થી વધુ રાજ્યોમાં કામ કર્યું અને તેમનો ધ્યેય દરેક ભારતીય રાજ્યમાં કાર્યશીલ થવાનો છે.


E.F.I., 'સાઇક્લેક્સ અને લેક સવારી' જેવા પ્રોજેક્ટ મારફતે જાગરૂકતા ફેલાવવાનું પણ કામ કરે છે.
સાઇક્લેક્સન ભાગ રૂપે, અમે તમને તમારી નજીકના તળાવ સુધી સાયકલની સવારી કરીને યાત્રા કરી આવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.
ત્યાં અમારા સ્થાનિક માર્ગદર્શક તમને ઇકોલોજીકલ ટૂર પર લઈ જશે.
અરુણે જળાશયો અને તેમના સંરક્ષણ માટેની જરૂરિયાત પર સંખ્યાબંધ ડોક્યુમેન્ટ્રી ફિલ્મો પણ બનાવી છે.
2012માં, ચેન્નઈમાં કિલ્કત્તલાઇ તળાવના જીર્ણોદ્ધાર માટે 'રોલેક્સ એવોર્ડ ફોર એન્ટરપ્રાઇઝ' મેળવનારા સૌથી યુવાન પ્રાપ્તકર્તા બન્યા. 2022માં, ટાઇમ મેગેઝીને તેમને 'આગામી પેઢીના લીડર'ના નામથી નવાજ્યાં.
2022માં, પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો શૉ, મન કી બાતમાં તેના પ્રયાસોની પ્રશંસા કરી.
સદીઓથી, પાણીના સ્ત્રોતોનું સંરક્ષણ કરવું એ સમાજની પ્રકૃતિનો એક ભાગ રહ્યો છે.
અરુણ ક્રિષ્ણમૂર્તિએ 150 સરોવર અને તળાવોની સફાઈ કરવાની જવાબદારી લીધી અને તે કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ પણ કર્યું.

# પૂર્ણા માલવથ




*ટ્રાઇબલ
^તેલંગાનાનું એક ગામ

**તેલંગાના સોશિયલ વેલફેર રેસિડેંશિયલ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુશન્સ સોસાઇટી
^^ તેલંગાનાનું એક શહેર


પૂર્ણાના કોચ, શેખર બાબુ બચિનાપલ્લી એક કુશળ પર્વતારોહી હતા જેમણે 2007માં એવરેસ્ટ સર કર્યો હતો.
પૂર્ણા એકદમ પ્રાકૃતિક રીતે ચઢે છે!
એક દિવસ, ડૉ. આર.એસ. પ્રવીણ કુમાર, નિવૃત્ત IPS* અધિકારી અને TSWREISના તત્કાલીન સેક્રેટરીનું કોઈ મિશન માટે શાળામાં આગમન થયું.
વિદ્યાર્થીઓનો શાળા છોડી જવાનો દર ચિંતાજનક છે અને તેના પર અંકુશ લગાવવાની જરૂર છે.
હું શાળેત્તર પ્રવૃત્તિઓની મદદથી પ્રણાલીમાં થયેલા સુધારાઓ વિશે તમને પરિચિત કરવા માંગુ છું.
નાની પૂર્ણાને શું ખબર હતી કે તેનું જીવન હવે કાયમ માટે બદલાઈ જવાનું છે.
જ્યારે ડૉ. કુમારે ભોનગીર ખાતે પર્વતારોહણ ભ્રમણની મુલાકાત લીધી -
તે બાળકી કોઈ દોરડા વિના 1,000 ફૂટ સુધી ચઢી ગઈ! તે કોણ છે?
સર, તે પૂર્ણા માલવથ છે.
પ્રભાવિત થયેલા ડૉ. આર.એસ. પ્રવીણ કુમારે તાત્કાલિક રીતે તેની પસંદગી દાર્જીલિંગ ખાતે ઉચ્ચ-ચઢાણ શીખવવા માટે કરી લીધી...
...અને તે પછી લદ્દાખમાં બરફમાં પર્વતારોહણ માટે, કે જ્યાં તેણીએ -35 ડિગ્રી સેલ્સિયસના તાપમાનમાં કેવી રીતે જીવતા રહેવું તે શીખ્યું.
આઠ મહિનાની સખત તાલીમ પછી, પૂર્ણા માઉન્ટ એવરેસ્ટ ચઢવા માટે તૈયાર હતી.
29 મે, 2014 ના રોજ, 13 વર્ષની પૂર્ણા માઉન્ટ એવરેસ્ટ - 29,035 ફૂટની ઊંચાઈનું શિખર સર કરનારી વિશ્વની સૌથી નાની ઉંમરની પર્વતારોહી બની!
સમિટ પર, તેણીએ ગર્વભેર ભારતીય તિરંગો, તેલંગાનાનો ધ્વજ અને તેની શાળાનો ધ્વજ ખોસ્યો.

*ભારતીય પોલીસ સેવા


પૂર્ણા તે પછી વિશ્વભરના ઘણા શિખરો સર કરવા ગઈ.
માઉન્ટ કિલિમાંજારો, 2016માં...
માઉન્ટ એલિબ્રસ, 2017માં...
માઉન્ટ એકોંકાગુઆ, 2019માં...
માઉન્ટ કાર્સ્ટેન્ઝ, 2019માં...
માઉન્ટ વિંસન માસિફ, 2019માં...
અને છેલ્લે, 2022માં માઉન્ટ દેનાલી, આ રીતે તેણે 'સેવન સમિટ્સ ચેલેન્જ' પૂરો કર્યો.
પૂર્ણાએ આની સાથોસાથ TSWREIS થી બેચલર ઑફ આર્ટ્સની ડિગ્રી પણ મેળવી...
...અને તે પછી તે તેણીના ગ્લોબલ અંડરગ્રેજ્યુએટ એક્સચેન્જ પ્રોગ્રામના એક ભાગ તરીકે મિન્નેસોતા સ્ટેટ યુનિવર્સિટીમાં ગઈ.
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય ઘણાં લોકોએ પૂર્ણાની પ્રશંસા કરી. તેણીને અન્ય સન્માનની સાથે 25 લાખ રૂપિયા, એક ઘર અને 5-એકરનો પ્લોટ પણ મળ્યો.
પૂર્ણા પોતાની દૃઢનિશ્ચય શક્તિ અને સખત મહેનત વડે લાખો લોકોની પ્રેરણા બની રહી છે.
હું એવરેસ્ટ પર એ સાબિત કરવા માટે ચઢી કે સ્ત્રીઓ જે પણ કરવાનું નક્કી કરે તે સિદ્ધ કરી બતાવે છે.
સૌથી મોટું પરિવર્તન તો ગામની સરકારી શાળામાં આવ્યું જ્યાં પૂર્ણા અભ્યાસ કરતી હતી. એક સમયમાં જ્યાં ક્લાસરૂમ ખાલી પડેલા રહેતા હતા, ત્યાં હવે પ્રવેશ માટે પ્રતિક્ષા સૂચિ લાગી રહી છે - આ સૌથી ઉંચો પર્વત ચઢ્યા જેવી જ જીત છે.

# વિક્રમજીત ચક્મા




*જ્યુસી બેરી
^ત્રિપુરાના પેચરથાલનું એક ગામ
**ચકમા ભાષામાં કાકા




*બગીચા અથવા ગ્રીનહાઉસમાં ફૂલો, ફળો અને શાકભાજીની ખેતી

# મનોજ બેંજવાલ




*પેટર્નલ ગ્રાન્ડમધર (પિતાની માતા)




*હિમાલયન ગ્રાસલેન્ડ



મનોજ તેના શબ્દો સાથે પ્રામાણિક રહ્યો. 2019માં તે ઉત્તરાખંડમાં સેવા ઇન્ટરનેશનલ અને તેમના પ્રોગ્રામ, 'પ્રવાહ' સાથે જોડાયો.
પ્રવાહમાં, આપણે પર્વતોને સાફ કરવા પ્રત્યે કાર્ય કરીએ છીએ અને તમામ પવિત્ર સ્થાનોનું રક્ષણ કરીએ છીએ. આપણે તમામ સ્ટ્રીમને પ્લાસ્ટીક મુક્ત કરવા માંગીએ છીએ. અમે વૃક્ષારોપણ કરીએ છીએ જેથી કરીને પ્રાણીઓ અને પક્ષીઓ આ પ્રદેશોમાં પાછા આવે.
sewa International
મનોજના કામથી પ્રભાવિત થઈને, રુદ્રપ્રયાગના ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ, મયુર દિક્ષિતે તેની સાથે એક મીટિંગ ગોઠવી.
તમે અને તમારી ટીમ કયા ક્ષેત્રોમાં કામ કરો છો?
સર, અમે અનેક ગામોમાં સ્વચ્છતા પ્રોગ્રામો ચલાવીએ છીએ. અમારી ઇચ્છા છે કે આપણાં બધા લોકો પાસે પીવાનું સ્વચ્છ પાણી હોય.
આમાં પ્રશાસન તમારી કઈ રીતે મદદ કરી શકે છે?
જો સ્થાનિક પંચાયત અને નગરપાલિકાઓ અમને સપોર્ટ કરી શકે, તો અમારા ધ્યેય સુધી પહોંચવું અમારા માટે સરળ થશે. મારી પાસે કેદારનાથના રસ્તાને કચરા-મુક્ત કેવી રીતે રાખવો તેના પરના ઘણાં વિચારો છે.
તમને અમારો સપોર્ટ મળશે.
પ્રશાસનના સપોર્ટ અને મન કી બાત પર પ્રધાનમંત્રી દ્વારા મળેલા પ્રોત્સાહન વડે, મનોજ બેંજવાલ તેના સપના પૂરા થવાની આશા રાખી શકે છે.



# મન કી બાત

## ભાગ 5

રોહન કાલે જ્યારે તેના ઓફિસના કામથી ગુજરાત ગયો, ત્યારે તેણે ત્યાંની કેટલીક પ્રસિદ્ધ વાવની મુલાકાત લીધી. તેની જાળવણીથી પ્રભાવિત થઈને તેણે મહારાષ્ટ્રમાં આવેલી વાવ માટે સફાઈ મિશન શરૂ કરવાનું નક્કી કર્યું. ખૂબ પહેલાં જ આ વાવને પર્યટકોના પ્રવાસમાં સામેલ કરવામાં આવી અને જૂના સમયની જેમ, તહેવારોની ઉજવણી તેમના પગથિયા પર કરવાનું શરૂ થયું.

મન કી બાત, વોલ્યુમ 5, નાયર સરે વાસ્તવિક-જીવનના નાયકોની મનોરંજક સ્ટોરી સંભળાવવાનું ચાલુ રાખ્યું, તે નાયક કે જેમણે તેમની આસપાસ, તેમના દેશ અને વિશ્વને એક બહેતર સ્થાન બનાવવા માટે સખત મહેનત કરી છે. મહાન ધૈર્ય, હિંમત અને દૃઢતાની વાર્તાઓ કે જે અન્ય લોકોને આગળ વધવા અને કંઈક સાર્થક કરવા માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કરે છે.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-81-19596-86-7